For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### શહેરના ચારેય ઝોનમાં દૂષિત અને ઓછા પ્રેશરનું પાણી મળતાં નાગરિકોમાં ભારે આક્રોશ

# પ્રજા તો ઠીક, ખુદ પાલિકા કચેરીમાં જ બહારથી જગ મંગાવવાની નોબત!

**ઉનાળાની** આકરી ગરમી વચ્ચે તંત્રના બહેરા કાને અથડાતી રજૂઆતો

(પ્રતિનિધિ) વડોદરા તા.11

સંસ્કારી નગરી અને સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં હાલ પીવાના પાણીની સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. સમગ્ર શહેરમાં પાણીના પોકાર વચ્ચે હવે એક ચોંકાવનારી વિરોધાભાસી સ્થિતિ સામે આવી છે, જેમાં પ્રજાની તરસ છિપાવવાની જવાબદારી જેમના શિરે છે તે ખુદ વડોદરા મહાનગરપાલિકાની વડી કચેરીમાં જ પીવાના પાણીની તંગી સર્જાઈ છે. ખંડેરાવ માર્કેટ સ્થિત પાલિકાની મુખ્ય કચેરીમાં આવતા મુલાકાતીઓ અને કાઉન્સિલરો માટે બહારથી ખાનગી કંપનીના પાણીના જગ મંગાવવાની નોબત આવી પડી છે. આ ઘટનાએ પાલિકાના તંત્રની પોકળ કામગીરી અને સ્માર્ટ સિટીના દાવાઓની હવા કાઢી નાખી છે.

હાલ સમગ્ર વડોદરા શહેરમાં પીવાના પાણીની વિકટ સમસ્યાને કારણે ઠેર-ઠેર કલેશ અને બૂમાબૂમની સ્થિતિ સર્જાઈ છે. શહેરના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચારેય ઝોનમાંથી દૂષિત, અલ્પ અથવા તો સાવ ઓછું પાણી મળતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે. ઉનાળાની આકરી ગરમીમાં પાણીના ઓછા પ્રેશર અને ગંદા પાણીની ગંભીર સમસ્યાને કારણે સ્થાનિક રહીશોનો રોષ સાતમા આસમાને પહોંચ્યો છે. ત્રાહિમામ પોકારી ગયેલા નાગરિકો દ્વારા પાલિકાની મુખ્ય કચેરી તેમજ વિવિધ વોર્ડ ઓફિસો ખાતે અવારનવાર રજૂઆતો કરવામાં આવી રહી છે અને મોરચાઓ લઈ જવામાં આવી રહ્યા છે. આમ છતાં, તંત્રના બહેરા કાને લોકોનો અવાજ પહોંચતો ન હોય તેમ પાણીની સમસ્યા હજુ પણ જસની તસ જોવા મળી રહી છે.

શહેરીજનો આક્રોશપૂર્વક જણાવી રહ્યા છે કે, એક તરફ તંત્ર દ્વારા કરોડોના ખર્ચે સ્માર્ટ સિટીના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, તો બીજી તરફ પ્રજા પ્રાથમિક જરૂરિયાત એવા પીવાના શુદ્ધ પાણી માટે દર-દર વલખાં મારી રહી છે. પાલિકા તંત્ર સામાન્ય જનતાને શુદ્ધ પાણી પૂરું પાડવામાં સાવ નિષ્ફળ નીવડ્યું છે. જો વહેલી તકે આ ગંભીર અને સંવેદનશીલ સમસ્યાનું કોઈ કાયમી નિવારણ લાવવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં જનઆંદોલન વધુ ઉગ્ર બને તેવી પૂરેપૂરી શક્યતા દેખાઈ રહી છે. શાસકો અને વહીવટી તંત્ર આ આકરા ઉનાળામાં જનતાને ક્યારે રાહત આપશે તે જોવું રહ્યું.



### રૂ.૧.૬૩ કરોડની બેંક છેતરપિંડીનો ગુનો નોંધાયો હતો

# ૧૯ વર્ષથી પોલીસને ચકમો આપતો કંપની સંચાલક આખરે ઝડપાયો

**સેલવાસની** પ્લાસ્ટિક ફેક્ટરીમાંથી વોન્ટેડ આરોપીની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા શહેરના વાડી પોલીસ સ્ટેશનમાં વર્ષ 2007માં નોંધાયેલા રૂ.1.63 કરોડની બેંક છેતરપિંડીના ગુનામાં છેલ્લા 19 વર્ષથી ફરાર રહેલા આરોપી કંપની સંચાલક અતુલ રસીકલાલ તન્નાને એલસીબી ઝોન-3 ની ટીમે સેલવાસમાંથી ઝડપી પાડી કાયદાની ઝપટમાં લીધો છે. આરોપીને આગળની કાર્યવાહી માટે વાડી પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરાયો છે.

વડોદરા શહેર પોલીસ દ્વારા લાંબા સમયથી નાસતા ફરતા આરોપીઓ સામે વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તે દરમિયાન ઝોન-3 નાસતા ફરતા સ્કોર્ડને બાતમી મળી હતી કે વાડી પોલીસ સ્ટેશનના છેતરપિંડીના ગુનામાં વોન્ટેડ આરોપી કંપની સંચાલક અતુલ રસીકલાલ તન્ના સેલવાસ ખાતે આવેલી એક પ્લાસ્ટિક ફેક્ટરીમાં અવારનવાર આવતો-જતો હતો.



માહિતીના આધારે પોલીસ ટીમે સેલવાસમાં વોચ ગોઠવી આરોપી પ્લાસ્ટિકની કંપની ચલાવતા સંચાલકને ઝડપી પાડ્યો હતો. ત્યારબાદ તેને વધુ કાર્યવાહી માટે વાડી પોલીસ સ્ટેશનના હવાલે કરવામાં આવ્યો હતો.

પોલીસ તપાસ મુજબ અતુલ તન્ના અને તેના સાગરિતોએ સહકારી બેંકમાંથી વધુ ધિરાણ મેળવવા માટે ખોટી હકીકતો રજૂ કરી હતી. નિયમો અને પ્રક્રિયાનો ભંગ કરીને જરૂરી દસ્તાવેજો વગર બેંકમાંથી મંજૂર મર્યાદા કરતાં વધુ લોન મેળવવામાં આવી હતી. જેના કારણે બેંકને રૂ.1.63 કરોડનું મોટું આર્થિક નુકસાન થયું હતું. આ મામલે આરોપી સામે સીઆરપીસી કલમ 70 હેઠળ વોરંટ પણ જારી કરવામાં આવ્યું હતું.

ઝડપાયેલા આરોપી કંપનીના માલિક અતુલ રસીકલાલ તન્ના (ઉંમર 63) મૂળ મુંબઈના બોરીવલી પશ્ચિમ વિસ્તારનો રહેવાસી છે અને વેપાર સાથે સંકળાયેલ હોવાનું બહાર આવ્યું છે. હવે પોલીસ તેની વધુ પૂછપરછ કરી અન્ય સંડોવાયેલા વ્યક્તિઓ અને આર્થિક વ્યવહારો અંગે તપાસ આગળ ધપાવી રહી છે.

# છાણીમાં ૨૯૦૦ ચો.મી. જમીન દબાણમુક્ત કરાઈ, નવા ટી.પી. રોડનો માર્ગ મોકળો

**૧૮ મીટરના** રોડ પ્રોજેક્ટને નડતરરૂપ પાકા-કાચા દબાણો દૂર કરાયા

**કરોડોની** કિંમતી જમીન ખુલ્લી થતાં વિસ્તારના વિકાસકાર્યોને મળશે વેગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11:

વડોદરા મહાનગરપાલિકાએ છાણી વિસ્તારમાં દબાણ હટાવવાની મોટી કાર્યવાહી હાથ ધરી 2900 ચોરસ મીટર જેટલી કિંમતી જમીન દબાણમુક્ત કરાવી છે. ટી.પી. 13 વિસ્તારમાં ચામુંડા માર્બલથી ભોલેનાથ માર્બલ વચ્ચેના વિસ્તારમાં લાંબા સમયથી ઉભા રહેલા પાકા અને કાચા દબાણો દૂર કરવામાં આવતા 18 મીટરના નવા ટી.પી. રોડના નિર્માણ માટેનો માર્ગ ખુલ્લો બન્યો છે.

પાલિકાના રોડ પ્રોજેક્ટ વિભાગ દ્વારા ફાઈનલ પ્લોટ નં. 150, 151, 152 અને 158 વચ્ચે પસાર થનારા સૂચિત રોડ માટે કાર્યવાહી કરવામાં આવી હતી. દબાણોના કારણે રોડ પ્રોજેક્ટનું કામ અટવાઈ રહ્યું હતું. કોર્પોરેશનની ટીમે ટી.પી. એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરીને તમામ નડતરરૂપ બાંધકામોને દૂર કર્યા હતા.

પાલિકાના જણાવ્યા અનુસાર, આ કામગીરીના પરિણામે કરોડો રૂપિયાની કિંમત ધરાવતી આશરે 2900 ચો.મી. જમીન ખુલ્લી થઈ છે. હવે 18 મીટરના નવા રોડના નિર્માણની કામગીરી ઝડપથી આગળ વધશે. આ રોડ તૈયાર થતાં છાણી તથા આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે તેમજ નાગરિકોને વધુ સારી આધારભૂત સુવિધાઓ ઉપલબ્ધ થશે. વિકાસલક્ષી આ પગલાથી વિસ્તારના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુખાકારીમાં નોંધપાત્ર વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

### સામાન્ય જનતા માટે કાયદો અલગ અને વગદારો માટે અલગ?

# ઊંડેરાના જયશ્રી પાર્ટી પ્લોટમાં ડ્રેનેજ કનેક્શન મુદ્દે હોબાળો, તંત્રની બેધારી નીતિ સામે આક્રોશ

**૨૪ કલાકમાં** જોડાણ સીલ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરા શહેરના છેવાડે આવેલા ઊંડેરા ગામમાં આવેલા એક જાણીતા ફાર્મ હાઉસમાં ગેરકાયદેસર રીતે ડ્રેનેજ લાઈન નાખવામાં આવી હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ઊંડેરા ગામના 'જયશ્રી ફાર્મ હાઉસ' માં તદ્દન ગેરકાયદેસર રીતે ડ્રેનેજ લાઈનનું જોડાણ કરી દેવાયું હોવાના ગંભીર આક્ષેપો સામાજિક કાર્યકર દ્વારા કરવામાં આવ્યા છે, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે વિવાદ વકર્યો છે. આ મામલે પાલિકા તંત્રની ઢીલી નીતિ સામે પણ અનેક સવાલો ઊભા થયા છે.




સામાજિક કાર્યકર સાબીર ચૌહાણે આ મુદ્દે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે, ઊંડેરા ગામમાં અનેક નાના-મોટા પાર્ટી પ્લોટ આવેલા છે અને આ તમામ પ્લોટોમાં નિયમ અનુસાર કાયદેસર રીતે પાણી અને ડ્રેનેજના જોડાણો લેવામાં આવ્યા છે. જોકે, જયશ્રી પાર્ટી પ્લોટના માલિક દ્વારા કાયદાનું ઉલ્લંઘન કરીને તંત્રની મંજૂરી વિના જ ગેરકાયદે કનેક્શન જોડી દેવાયું છે.

તેમણે તંત્રની પક્ષપાતી કામગીરી સામે રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, જો સામાન્ય કે ગરીબ વર્ગનો કોઈ વ્યક્તિ પોતાના ઘર માટે પાણી કે ડ્રેનેજનું ગેરકાયદે જોડાણ મેળવે, તો પાલિકા તંત્ર દ્વારા ક્ષણનો પણ વિલંબ કર્યા વિના કનેક્શન કાપીને તાત્કાલિક ધોરણે સીલ મારી દેવામાં આવે છે. જ્યારે આ કિસ્સામાં વગદાર પાર્ટી પ્લોટના માલિક સામે પુરાવા સાથે તંત્રને લેખિત જાણ કરવામાં આવી હોવા છતાં, અધિકારીઓ દ્વારા માત્ર નોટિસ ફટકારીને સંતોષ માની લેવામાં આવ્યો છે અને કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી.

હાલમાં સામાજિક કાર્યકર દ્વારા પાલિકા તંત્રને અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે કે જો આગામી ૨૪ કલાકની અંદર આ ગેરકાયદેસર ડ્રેનેજ લાઈનને તાત્કાલિક ધોરણે સીલ કરવામાં નહીં આવે, તો તેઓ ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન આદરશે. તંત્રની આ ઢીલી નીતિને કારણે સ્થાનિકોમાં પણ વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે, ત્યારે હવે જોવાનું એ રહેશે કે પાલિકાના જવાબદાર અધિકારીઓ ૨૪ કલાકમાં કોઈ કડક પગલાં ભરે છે કે પછી મામલો વધુ ઉગ્ર બને છે.

### GCAS સિસ્ટમમાં ખામી

# મ.સ.યુનિ.ની આર્ટ્સ ફેકલ્ટી દ્વારા મેન્યુઅલ વેરિફિકેશન

**કોમર્સ** બાદ હવે ત્રીજા રાઉન્ડની મેરિટ યાદી જાતે તૈયાર કરશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

પ્રવેશ પ્રક્રિયા સરળ બનાવવા માટે શરૂ કરાયેલી સેન્ટ્રલાઈઝ્ડ એડમિશન સિસ્ટમ જીકાસ વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટી માટે માથાનો દુખાવો બની છે. જીકાસ સંબંધિત ટેક્નિકલ ખામીઓના કારણે એમ.એસ. યુનિવર્સિટીની સૌથી મોટી ફેકલ્ટીઓને ફરી મેન્યુઅલ વેરિફિકેશન અને સ્વતંત્ર મેરિટ લિસ્ટ તૈયાર કરવાની ફરજ પડી છે.

કોમર્સ ફેકલ્ટી બાદ હવે આર્ટ્સ ફેકલ્ટીએ પણ ત્રીજા રાઉન્ડની મેરિટ યાદી સ્વતંત્ર રીતે પ્રકાશિત કરવાનો નિર્ણય લીધો છે. જીકાસ પ્લેટફોર્મ પર વેઈટિંગ લિસ્ટનો ડેટા ઉપલબ્ધ ન થવાના કારણે આ નિર્ણય લેવાયો છે. હાલ ફેકલ્ટી મેમ્બર્સ અને વહીવટી



સ્ટાફ રેકોર્ડ મેચ કરીને નવી એડમિશન યાદીઓ તૈયાર કરવામાં વ્યસ્ત છે. પ્રવેશ પ્રક્રિયા અટકે નહીં અને વિદ્યાર્થીઓને નુકસાન ન થાય તે માટે સ્ટાફ જાતે મહેનત કરી રહ્યો છે.

યુનિવર્સિટી સત્તાધીશોના જણાવ્યા મુજબ, લાયક વિદ્યાર્થીઓને ટેક્નિકલ ખામીના કારણે નુકસાન ન થાય અને પ્રવેશ પ્રક્રિયા બિનજરૂરી વિલંબ વિના ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જીકાસ સિસ્ટમ સરળતાને બદલે અવ્યવસ્થા ઉભી કરી રહી હોવાની ફરિયાદો વચ્ચે એમએસયુની મુખ્ય ફેકલ્ટીઓએ જાતે જ પ્રવેશ પ્રક્રિયા હાથમાં લીધી છે.

### પ્રેમલગ્ન બાદ ત્રણ મહિના સુધી પતિ સહિત ના સાસરિયાનો પોત પ્રકાશ્યુ

# દહેજમાં આઈફોન અને કાર માટે ૨ લાખની માગ કરી પરિણીતા પર ત્રાસ ગુજારતો પતિ

**દહેજ** નહીં લાવે તો છૂટાછેડાની ધમકીઓ આપ્યા પરીણીતાનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

મકરપુરા વિસ્તારમાં રહેતી યુવતીએ કોર્ટ મેરેજ કર્યા બાદ સમાજના રિવાજ મુજબ પણ લગ્ન કર્યા હતા. લગ્ન કર્યાને ત્રણ મહિના બાદ જ પતિ સહિતના સાસરિયા નું પોત પ્રકાશ્યું હતું અને દહેજની માંગણી કરીને શારીરિક તથા માનસિક ગુજારવાનું શરૂ કર્યું હતું ઉપરાંત દહેજ નહીં લાવે તો છૂટાછેડાની ધમકીઓ આપવાના આક્ષેપો છે.

મકરપુરા વિસ્તારમાં રહેતી ડિમ્પલબેન પ્રજાપતીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ અને મેહુલકુમાર પ્રજાપતિ એક જ કંપનીમાં નોકરી કરતા હોવાથી બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. બંનેએ વર્ષ 2023માં કોર્ટ મેરેજ કર્યા હતા અને ત્યારબાદ 15 જૂન, 2024ના રોજ હિંદુ શાસ્ત્રોક્ત વિધિ મુજબ લગ્ન કર્યા હતા. લગ્ન સમયે સાસરી પક્ષ હાજર રહ્યો ન હતો અને લગ્ન સ્વીકાર્યા ન હતા.

લગ્ન બાદ દંપતી મકરપુરા વિસ્તારમાં ભાડાના મકાનમાં રહેવા લાગ્યા હતા. શરૂઆતના ત્રણ મહિના સુધી પતિએ સારી રીતે રાખ્યા બાદ નાની-નાની બાબતોમાં ઝઘડા શરૂ કર્યા હતા. મહિલાના પતિ વારંવાર કહેતા હતા કે લગ્ન સમયે દહેજમાં કંઈ મળ્યું નથી અને આઈફોન તથા કાર ખરીદવા માટે પિતાના ઘરેથી રૂ. 2 લાખ લાવવા દબાણ કરતા હતા. મહિલાએ પરિવારની આર્થિક સ્થિતિ અને માતાની કેન્સરની બીમારીનો ઉલ્લેખ કર્યો ત્યારે પતિ વધુ ઉગ્ર બની શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. સાસુ-સસરા પ્રેમલગ્નથી નારાજ હોવાથી પતિને પત્ની વિરુદ્ધ ચઢામણી કરતા હતા, જેના કારણે પતિનું વર્તન વધુ ખરાબ બનતું ગયું હતું. ઓગસ્ટ-2025 દરમિયાન પતિએ પત્ની પર શંકા રાખી ગાળો બોલી, ઓડિયો રેકોર્ડિંગ કરી છૂટાછેડા આપવાની ધમકીઓ આપી હતી. ત્યારબાદ પતિ ભાડાના મકાનમાંથી પત્નીને એકલી મૂકી ચાલ્યા ગયા હતા અને પરત ફર્યા ન હતા. દિવાળી પહેલાં મહિલાએ છાણી ખાતે આવેલા સાસરીના ઘરે જઈ સમાધાનનો પ્રયાસ કર્યો હતો. તે સમયે સસરાએ ઘર પોતાનું નથી તેમ કહી ગાળો ભાડી હતી. મહિલાના આક્ષેપ મુજબ પતિએ પણ તેમને રાખવાની ના પાડી ધોલ-ધપાટ કરી હતી. ઉપરાંત સસરાએ પતિને પત્નીને મારીને કાઢી મૂકવા અને બીજા લગ્ન કરાવી આપવાની ઉશ્કેરણી કરી હોવાનું જણાવ્યું છે. પોલીસે પતિ મેહુલકુમાર સંજયભાઈ પ્રજાપતિ અને સસરા સંજયભાઈ ઈશ્વરભાઈ પ્રજાપતિ સામે કાર્યવાહી માટે હા ધરી છે.

# ૩૦૦થી વધુ નિવૃત્ત ચોથાવર્ગ કર્મચારીઓનું પેન્શન વર્ષથી બંધ

**ન.પ્રા.શિ.સમિતિના** 6 કર્મચારીઓના અવસાન, સંઘની લડતની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચોથાવર્ગના કર્મચારીઓને તા. 18 જુલાઈ 2025ના રોજ કાયમી કરવામાં આવ્યા હતા. પરંતુ એક વર્ષ વીતી ગયા છતાં 300થી વધુ નિવૃત કર્મચારીઓનું પેન્શન હજુ સુધી ચાલુ થયું નથી. જેને લઈને કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

કાયમી કર્યા બાદ 6 મહિના પછી ચાલુ નોકરીવાળા કર્મચારીઓનો નવીન પગાર ચાલુ થઈ ગયો હતો. પરંતુ હાલ એક વર્ષ પૂર્ણ થયું તો પણ 300 ઉપરાંત નિવૃત કર્મચારીઓના પેન્શન ચાલુ થયા નથી. ચોથાવર્ગ કર્મચારી સંઘ દ્વારા અવારનવાર મૌખિક રજૂઆત કરવા છતાં આજ દિન સુધી પેન્શન ચાલુ થયેલ નથી. પેન્શન અને પગાર ચાલુ થવામાં અનુક્રમે એક વર્ષ અને 6 મહિના જેવો સમય થયો હોવાથી એરિયર્સ પણ ચૂકવવાના બાકી છે.

જુલાઈ-2025માં કાયમી કર્યા બાદ આજ દિન સુધીમાં 6 જેટલા નિવૃત કર્મચારીઓના અવસાન થયેલ છે. જેમાં દાંડિયા બજાર ચાર રસ્તા ઉપર ભીખ માંગતા પદ્માબેનનું પણ અવસાન થયેલ છે.

ચાલુ નોકરીમાં અવસાન પામેલા કર્મચારીઓને આજદિન સુધી આર્થિક સહાય પણ આપવામાં આવી નથી. આ મુદ્દે ચોથાવર્ગ કર્મચારી સંઘના પ્રમુખ નિલેશ રાજે જણાવ્યું કે, આજકાલમાં તમામ નિવૃત કર્મચારીઓને લઈને સંઘના હોદ્દેદારો શિક્ષણ સમિતિમાં રજૂઆત કરશે. જો તાત્કાલિક નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### ખોટા ફાળવણી હુકમો, બનાવટી ચલણ અને વીજ કનેક્શનના દસ્તાવેજો બનાવ્યા હતા

# PM આવાસ યોજનામાં મકાનના નામે ઠગાઈ કરનારની જામીન અરજી રદ

**વિશ્વાસમાં** લીધા બાદ ગ્રાહકોના 40.17 લાખ પોતાના બેંક ખાતામાં જમા કરાવડાવ્યા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા 11

વડોદરામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મકાન ફાળવાવી આપવાના બહાને આશરે રૂ.40.17 લાખની છેતરપિંડીના કેસમાં આરોપી હરીશ જશુભાઈ ચૌહાણની જામીન અરજી 14મા એડિશનલ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. આરોપીએ લોકોને વિશ્વાસમાં લઈ પોતાના બેંક ખાતામાં મોટી રકમ જમા કરાવી હતી તેમજ મકાન ફાળવણી, કોર્પોરેશનના ચલણ અને વીજ કનેક્શન સંબંધિત ખોટા દસ્તાવેજો બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ છે. કોર્ટે ટ્રાયલ કોર્ટને કેસની સુનાવણી એક વર્ષની અંદર પૂર્ણ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

આકોટા ગામમાં આવેલા સુથાર ફળિયામાં રહેતા હરીશ જશુભાઈ ચૌહાણ અને અન્યોએ મે-2024થી લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન ફાળવી આપવાની લાલચ આપી હતી. આરોપીઓએ યોજનાની પ્રક્રિયા અને મકાન ફાળવણીના બહાને વિશ્વાસ કેળવી લોકો પાસેથી ટુકડે-ટુકડે આશરે રૂ.40.17 લાખ મેળવી આ રકમ આરોપીના એચડીએફસી બેંક ખાતામાં જમા કરાવવામાં આવી હતી.

આરોપીઓએ મકાન ફાળવણી સંબંધિત ખોટા અને બનાવટી હુકમો તૈયાર કર્યા હતા. ઉપરાંત વડોદરા મહાનગરપાલિકાની અરજી ફી, ડિપોઝિટ ચલણ તેમજ એમજીવીસીએલના વીજ મીટર કનેક્શન માટે નાણા ભરાયા હોવાના બનાવટી દસ્તાવેજો અને સ્લિપો પણ તૈયાર કરી હતી. આ દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરી લોકોને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા.

મકાનનો કબજો કે ચૂકવેલી રકમ પરત ન મળતાં ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામા હતી. જે આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. હાલમાં આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં છે. જેથી આરોપીએ જેલમાંથી બહાર આવવા માટે રેગ્યુલર જામીન અરજી કરી હતી.

આ જામીન અરજીની સુનાવણી દરમિયાન બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ મેજિસ્ટ્રેટ દ્વારા ગુનાની ગંભીરતા અને કેસની હકીકતોને ધ્યાનમાં રાખી આરોપીની જામીન અરજી નામંજૂર કરી દેવામાં આવી હતી. સાથે જ ટ્રાયલ કોર્ટને આ હુકમની જાણ થયાની તારીખથી એક વર્ષની અંદર કેસનું ટ્રાયલ પૂર્ણ કરવાનો નિર્દેશ પણ આપ્યો છે.

### પથ્થર સાથે રાખો તો ચપ્પુથી પણ ઈજા ન થાય તેવો ડેમો બતાવી જીત્યો વિશ્વાસ


# 'સુલેમાની પથ્થર'ના નામે ૨૦ કરોડની ઠગાઈનો પ્રયાસ


**જ્યોતિષે** પથ્થર ના ખરીદતા રૂ.50 હજારની માંગ સાથે ધમકી આપી

**પોલીસે** 3 આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.11

વડોદરામાં અંધશ્રદ્ધા અને લાલચનો સહારો લઈને કરોડોની ઠગાઈ કરવાનો ચોંકાવનારો પ્રયાસ પ્રકાશમા આવ્યો છે. 'સુલેમાની પથ્થર' રાખવાથી કોઈપણ હથિયારની ઈજા ન થાય તેવી વાતો કરીને ત્રણ શખ્સોએ રૂ.20 કરોડમાં પથ્થર વેચવાનો પ્રયાસ કર્યો હતો. જોકે સોદામાં શંકા જતાં ખરીદી નકારનાર જ્યોતિષાચાર્યને આરોપીઓએ રૂ.50 હજારની માંગણી સાથે ધમકી આપતા સમગ્ર કાવતરાનો પર્દાફાશ થયો છે.



વડોદરા શહેરમાં 'સુલેમાની ચમત્કારી પથ્થર'ના નામે કરોડોની ઠગાઈ કરવાનો પ્રયાસ સામે આવ્યો છે. વાઘોડિયા રોડ પર કલાદર્શન ચાર રસ્તા પાસે રહેતા અને જ્યોતિષ શાસ્ત્રનો વ્યવસાય કરતા યોગેશભાઈ વાઘજીભાઈ પંડ્યાએ નોંધાવેલી ફરિયાદ મુજબ યોગેશભાઈના ડ્રાઈવરે ભાવનગર જિલ્લાના વળાવડ ગામના વિજયસિંહ ગોહીલ વિશે માહિતી આપી હતી. વિજયસિંહે એક વીડિયો મોકલી જણાવ્યું હતું કે તેની પાસે રહેલો કાળો 'સુલેમાની પથ્થર' રાખવાથી ચપ્પુ કે અન્ય હથિયારથી ઈજા થતી નથી. વીડિયોમાં દર્શાવાયેલા ડેમો બાદ યોગેશભાઈએ તેનો સંપર્ક કર્યો હતો.ત્યારબાદ વિજયસિંહ ગોહીલ, મહેબુબ, અકરમ અને તેમનો ડ્રાઈવર વડોદરા આવ્યા હતા અને કપુરાઈ ચોકડી પાસેની એક હોટલમાં રોકાયા હતા. અહીં તેમણે પથ્થરનો ચમત્કારીક ડેમો બતાવી વિશ્વાસ જીતવાનો પ્રયાસ કર્યો હતો. બાદમાં ખરીદદાર સમક્ષ પણ પથ્થરનો પ્રયોગ કરી બતાવવામાં આવ્યો હતો.

આરોપીઓએ દાવો કર્યો હતો કે આ 'સુલેમાની પથ્થર'ની કિંમત રૂ.20 કરોડ છે. જોકે ખરીદદારે રૂપિયા બતાવવાની વાત કરતાં સમગ્ર સોદો શંકાસ્પદ લાગ્યો હતો. યોગેશભાઈ અને તેમના સાથીદારોએ પથ્થર ખરીદવાનો ઈનકાર કરતાં આરોપીઓએ રૂ.50 હજારની માંગણી કરી હતી. એટલું જ નહીં, રૂપિયા નહીં આપો તો ત્યાંથી જવા નહીં દઈએ તેવી ધમકી પણ આપી હતી.

ભયના કારણે યોગેશભાઈ અને તેમના મિત્ર ત્યાંથી નીકળી ગયા હતા. સમગ્ર મામલે ફરિયાદના આધારે પોલીસે વિજયસિંહ ગોહીલ, મહેબુબ અને અકરમ સામે ગુનાહિત કાવતરું રચી ઠગાઈ કરવાનો પ્રયાસ તથા ધમકી આપવા અંગે ગુનો નોંધી તેમને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

### ગુજરાતમાં એન્જિનિયરિંગ પ્રવેશ પહેલા ફીનો વિવાદ

# ૫ ટકાથી વધુ ફી વધારો માંગતી ૮૩ કોલેજોની નવી ફી હજુ જાહેર ન થઈ

**વિદ્યાર્થીઓને** તફાવતની રકમ ભરવી પડશે

49 કોલેજોએ કોઈપણ ફી વધારો માગ્યો નહોતો

(પ્રતિનિધિ) વડોદરા,તા.11

રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગની પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, પરંતુ 5 ટકાથી વધુ ફી વધારો માગનારી 83 કોલેજોની નવી ફી હજુ સુધી જાહેર ન થતા વિદ્યાર્થીઓમાં મૂંઝવણ છે. ફી રેગ્યુલેટરી કમિટી દ્વારા જૂનના અંત સુધીમાં નવી ફી જાહેર થાય તેવી સ્થિતિ છે, જેથી વિદ્યાર્થીઓએ તફાવતની રકમ ભરવાની તૈયારી રાખવી પડશે.

રાજ્યની 705 સ્વનિર્ભર ટેક્નિકલ કોલેજો પાસેથી આગામી ત્રણ વર્ષ માટે ફી વધારાની દરખાસ્તો મગાવાઈ હતી. જેમાંથી 103 કોલેજોએ હયાત ફીમાં 5 ટકા કરતાં વધુ ફી વધારો માગ્યો હતો. તે પૈકી 27 કોલેજોએ 1થી 2 ટકા, 6 કોલેજોએ 2થી 3 ટકા, 7 કોલેજોએ 3થી 4 ટકા અને 433 કોલેજોએ 4થી 5 ટકા વચ્ચે ફી વધારો માગ્યો હતો. ટેકનિકલ ફી કમિટીએ 5 ટકા કરતાં ઓછો ફી વધારો માગનારી 705માંથી 522 કોલેજોની ફી જાહેર કરી દીધી છે.

જેમાં 49 કોલેજોએ કોઈપણ ફી વધારો માગ્યો નહોતો. પરંતુ હાલમાં 103 કોલેજો પૈકી 83 કોલેજો એવી છે કે જેમણે 5 ટકાથી વધારે ફી લેવા માટે દરખાસ્ત કરી હોવા છતાં હજુ સુધી નવી ફી જાહેર કરવામાં આવી નથી. સામાન્ય રીતે ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજની પ્રવેશ પ્રક્રિયા શરૂ થાય તે પહેલા ફી નક્કી કરી દેવામાં આવતી હોય છે.

આગામી બે દિવસ પછી મોક રાઉન્ડ શરૂ થવાનો છે ત્યારે જૂનના અંત સુધીમાં ફી નક્કી ન થાય તો પહેલો રાઉન્ડ પૂરો થઈ જાય તેમ છે. આ સ્થિતિમાં વિદ્યાર્થીઓએ જૂની ફી ભર્યા બાદ નવી ફીની તફાવતની રકમ ભરવાની તૈયારી રાખવી પડશે. ફી કમિટી દ્વારા વર્ષ 2026-27, 2027-28 અને 2028-29 માટે 5 ટકાથી ઓછો ફી વધારો માગનારી 522 કોલેજોની ફી જાહેર કરાઈ છે. જ્યારે 12 કોલેજોએ જે તે કોર્સ બંધ કરવા માટે દરખાસ્ત કરી હતી.